જ્વેલરી કંપનીના સેલ્સ મેનેજરે જ ૨૨.૨૧ લાખના દાગીના ગપચાવ્યા

ગ્રાહકોને બતાવવાના નામે ૧૪૩ ગ્રામથી વધુ વજનના સોનાના દાગીના લઇ રફુચક્કર

સુરતઃ ખટોદરા વિસ્તારમાં આવેલા એક હાઈપ્રોફાઈલ જ્વેલરી શો-રૂમમાં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતા કર્મચારીએ જ કંપનીને રૂ.૨૨.૨૧ લાખનો આર્થિક ચૂનો ચોપડ્યો હોવાનો સનસનાટીભર્યો મામલો પ્રકાશમાં આવ્યો છે.

વેસુ વીઆઈપી રોડ પર આવેલા નંદની-૧ એપાર્ટમેન્ટમાં રહેતા રૂપક કમલેશભાઈ ગર્ગ ખટોદરા વિસ્તારના ઝેનોન કોમ્પલેક્સમાં "જ્વેલર્સ જેમ્સ પ્રાઈવેટ લિમિટેડ" નામે સોના અને હીરાના દાગીનાનો મોટો શો-રૂમ ધરાવે છે. તેમના આ શો-રૂમમાં સગરામપુરાની શિવમ રેસિડેન્સીમાં રહેતો સુનીલ સુરેન્દ્ર લાડકાની તેમની કંપનીનો સેલ્સ મેનેજર હતો.

ગઇ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સેલ્સ મેનેજર સુનીલ લાડકાનીએ શો-રૂમના સંચાલકને એવું જણાવ્યું હતું કે કેટલાક નિયમિત ગ્રાહકોને સોનાના દાગીનાની નવી ડિઝાઈન પસંદ કરાવવા માટે સેમ્પલ બતાવવાના છે. માલિકે વિશ્વાસ રાખીને શો-રૂમમાંથી કુલ ૧૪૩.૪૫૦ ગ્રામ વજન ધરાવતી અલગ-અલગ સાત આઈટમોના સોનાના ઘરેણાં તેને આપ્યા હતાં જેની બજાર કિંમત રૂ.૨૨,૨૧,૪૧૭ થવા જતી હતી. આ દાગીના લઈને બહાર નીકળ્યા બાદ સુનીલ મોડી સાંજ સુધી પરત ફર્યો નહોતો. જેથી રૂપકભાઈએ કરેલી ફરિયાદના આધારે ખટોદરા પોલીસે શુનિલ લાડકાની સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

દાગીના બનાવવાનું કહી વેસુના જ્વેલર્સ સાથે રૂ.૧૧.૯૫ની ઠગાઇ

૨૦૦ ગ્રામ સોનું લીધા બાદ દાગીના તો નહીં બનાવી આપ્યા સાથે ૭૨ ગ્રામ સોનું પરત નહીં કર્યું

સુરતઃ શહેરની પ્રતિષ્ઠિત જ્વેલરી એન્ડ જેમ્સ કંપનીના સંચાલક પાસેથી દાગીના બનાવવાની આડમાં લાખો રૂપિયાનું સોનું પડાવી લઈ છેતરપિંડી આચરવામાં આવી છે. આ મામલે ખટોદરા પોલીસે સ્ટેરી કેરેટ ડાયમંડ એન્ડ જ્વેલર્સ'ના સંચાલક અને તેના કર્મચારી સામે ઠગાઇનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વેસુ વિસ્તારમાં રહેતા રૂપક કમલેશ ગર્ગ જ્વેલર્સ જેમ્સ પ્રાઇવેટ લિમિટેડ નામની ફર્મ ચલાવે છે. વ્યવસાયિક સંબંધોના ભાગરૂપે તેમનો સંપર્ક સ્ટેરી કેરેટ ડાયમંડ એન્ડ જ્વેલર્સના માલિક અશ્વિનભાઈ રમેશભાઈ પેથાણી અને ત્યાં કામ કરતા કર્મચારી જય વિનુભાઈ ધોળકિયા સાથે થયો હતો. આ બંનેએ તેમને આકર્ષક દાગીના તૈયાર કરી આપવાનો વાયદો કર્યો હતો. રૂપકભાઈ ગર્ગે વર્ષ ૨૦૨૫ના ઓગસ્ટ મહિનાથી લઈને ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન જુદી જુદી તારીખોએ કુલ ૨૦૦.૯૭૦ ગ્રામ શુદ્ધ સોનાનો જથ્થો દાગીના બનાવવા માટે આપ્યો હતો. જો કે, સોનું લીધા પછી બંનેએ ઓર્ડર મુજબના તમામ દાગીના તૈયાર કર્યા નહોતા. રૂપકભાઈએ અવારનવાર ઉઘરાણી કરતા આખરે આરોપીઓએ માત્ર ૧૨૮.૦૭૭ ગ્રામ સોનાના દાગીના જ પરત કર્યા હતા. બાકી બચેલા ૭૨.૮૯૩ ગ્રામ શુદ્ધ સોનાના દાગીના આપવાને બદલે હાથ ઊંચા કરી દીધા હતા. જેથી તેમણે કરેલી ફરિયાદના આધારે ખટોદરા પોલીસે બંને ઠગ સામે રૂ.૧૧,૯૫,૪૪૫ની છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ચોકબજારમાં મકાનનું છજ્જું તૂટી પડતા દિવ્યાંગ સહિત ચાર ફસાયા

સુરતઃ શહેરના ચોક બજાર વિસ્તારમાં આવેલા સિંધીવાડ ખાતે શુક્રવારે બપોરે એક જર્જરીત મકાનનો ભાગ અચાનક ધડાકાભેર તૂટી પડ્યો હતો. ઘટનાના સમયે મકાનમાં રહેલા ચાર લોકો અંદર જ ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ તાપીપુરા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઝડપી બચાવ કામગીરી હાથ ધરી ચારેય વ્યક્તિઓને સલામત રીતે બહાર કાઢી લીધા હતા. ફાયર સબ ઓફિસર બળવંત સુથારે જણાવ્યું હતું કે બપોરે અંદાજે 3:30 કલાકે ઘટનાની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર બે માળના અને અત્યંત જર્જરીત હાલતનાં મકાનના બીજા માળની ગેલેરીનો એક મોટો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. આ બનાવમાં 71 વર્ષીય જ્યોતિબેન દિવાન, 75 વર્ષીય ઉમરવાડ દિવાન, 39 વર્ષીય ધર્મિષ્ઠા દિવાન અને 40 વર્ષીય શ્રદ્ધા મકારન મકાનમાં ફસાઈ ગયા હતા. તેમાં વૃદ્ધ દંપતીને ઉંમરના કારણે તેમજ દૃષ્ટિની તકલીફ હોવાને કારણે પોતાની રીતે બહાર નીકળવું શક્ય નહોતું. ફાયર બ્રિગેડના જવાનોએ સાવધાનીપૂર્વક કામગીરી હાથ ધરી સૌપ્રથમ વૃદ્ધ દંપતીને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યા હતા. ત્યારબાદ અન્ય બે મહિલાઓને બહાર કાઢવામાં આવી હતી.

સુરતનું શિક્ષણ PGI-D રિપોર્ટમાં નાપાસ

પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સમાં સુરત ૧૫મા ક્રમે ધકેલાયું

વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને ક્લાસરૂમ લર્નિંગમાં નબળું પ્રદર્શન

સુરતઃ સુરતનું શિક્ષણ મોડેલ હવે ગંભીર સવાલોના ઘેરામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના જિલ્લા સ્તરના પરફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (PGI-D) ના તાજેતરના રિપોર્ટમાં સુરતને ૬૦૦માંથી માત્ર ૩૨૭ ગુણ મળ્યા છે. પરિણામે સમગ્ર ગુજરાતમાં સુરત ૧૫મા ક્રમે પહોંચી ગયું છે.

સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામોની રહી છે. શિક્ષણનું અંતિમ લક્ષ્ય વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સમજ અને કૌશલ્યનો વિકાસ કરવાનું હોય છે, પરંતુ આઉટકમ વિભાગમાં સુરતને ૨૯૦માંથી માત્ર ૧૩૪ ગુણ મળ્યા છે. આ દર્શાવે છે કે શાળાઓમાં થતું શિક્ષણ વિદ્યાર્થીઓના વાસ્તવિક શૈક્ષણિક વિકાસમાં પૂરતું અસરકારક સાબિત થઈ રહ્યું નથી. ક્લાસરૂમમાં ભણાવવાની પદ્ધતિ (ECT)માં ૯૦માંથી માત્ર ૬૨ ગુણ મળ્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણની ગુણવત્તા, શિક્ષકોની અસરકારકતા અને વિદ્યાર્થીઓ સુધી વિષયને પહોંચાડવાની પ્રક્રિયામાં હજુ સુધારાની મોટી જરૂર છે. નવી શિક્ષણ નીતિ મુજબ અનુભવ આધારિત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, છતાં તેનો પૂરતો અમલ થતો ન હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

જો શિક્ષણ વિભાગ અને જિલ્લા તંત્ર આ રિપોર્ટને માત્ર આંકડાકીય કસરત સમજીને અવગણશે તો તેની સીધી અસર આવનારી પેઢીના ભવિષ્ય પર પડી શકે છે. નિષ્ણાતો માને છે કે હવે માત્ર નવા પ્રોજેક્ટો જાહેર કરવા કરતાં ક્લાસરૂમ શિક્ષણ, વિદ્યાર્થીઓના લર્નિંગ લેવલ, શિક્ષકોની તાલીમની દિશામાં નક્કર પગલાં ભરવાની જરૂર છે.

ડિજિટલ શિક્ષણમાં પણ નિરાશાજનક પ્રદર્શન

ડિજિટલ શિક્ષણમાં પણ સુરતનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. ૫૦માંથી માત્ર ૩૨ ગુણ મળતાં સ્પષ્ટ થાય છે કે સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લર્નિંગ સાધનો અને ટેક્નોલોજી આધારિત શિક્ષણનો લાભ તમામ વિદ્યાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચી શક્યો નથી. કોરોના બાદ શિક્ષણમાં ડિજિટલ માધ્યમનું મહત્વ અનેકગણું વધ્યું હોવા છતાં સુરત આ ક્ષેત્રમાં અપેક્ષિત સફળતા મેળવી શક્યું નથી.

પાયાની સુવિધાથી પણ વંચિત અનેક શાળા?

શાળાની સુવિધાઓ (Infrastructure & Facilities)માં ૫૦માંથી ૩૪ ગુણ અને શાળા સુરક્ષા તથા બાળ સુરક્ષા (School Safety & Child Protection)માં ૩૦માંથી માત્ર ૨૧ ગુણ મળ્યા છે. આ દર્શાવે છે કે અનેક શાળાઓમાં પાયાની સુવિધાઓ અને સુરક્ષાના ધોરણોને વધુ મજબૂત બનાવવાની જરૂર છે.

વહીવટી વ્યવસ્થામાં પણ નબળી

વહીવટી વ્યવસ્થા અને ગવર્નન્સ (Governance Process)માં ૯૦માંથી ૪૪ ગુણ મળ્યા છે. શિક્ષણની ગુણવત્તા વધારવામાં માત્ર શિક્ષકો જ નહીં પરંતુ સમગ્ર વહીવટી તંત્રની કામગીરી પણ મહત્વપૂર્ણ હોય છે. આ સ્કોર સૂચવે છે કે આયોજન, મોનિટરિંગ અને અમલીકરણની પ્રક્રિયામાં પણ સુધારાની જરૂર છે.

સુરતનું શિક્ષણ રિપોર્ટ કાર્ડ

શિક્ષણના મુખ્ય પાસાઓ	મેળવેલ સ્કોર
ભણાવવાની પદ્ધતિ (ECT)	62
સ્કૂલની સુવિધાઓ (IF&SE)	34
ડિજિટલ શિક્ષણ (DL)	32
સ્કૂલની સુરક્ષા (SS&CP)	21
વહીવટી વ્યવસ્થા (GP)	44
વિદ્યાર્થીઓની પ્રગતિ (Outcome)	134
કુલ સ્કોર	327/600

ઉધનામાં ધોળે દિવસે ૩.૬૦ લાખની ચોરી

સુરતઃ ઉધનામાં ધોળા દિવસે તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી રોકડા રૂપિયા ૨ લાખ તેમજ ૧.૬૦ લાખની કિંમતના સોનાના દાગીના મળી કુલ રૂ. ૩,૬૦,૦૦૦ ચોરી ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. જેના મકાનમાં ચોરી થઇ તેઓ કામ ઉપર હતાં અને તેમની પત્ની પુત્રને લઈને NEET આપવા ગઇ હોવાથી મકાન બંધ હતું જેનો લાભ તસ્કરોએ લીધો હતો.

ઉધના સમિતિ સ્કૂલની બાજુમાં આવેલી અક્ષરકુંજ સોસાયટીમાં રહેતા ૫૨ વર્ષીય જયચંદ્રન જનાર્ધનન પનીકર (મૂળ રહે. કેરળ) ભેસ્તાન ભગવતી ઈન્ડસ્ટ્રીઝમાં કારખાને ગયા હતા ત્યાં કામ ઓછું હોવાથી

બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઘરનો દરવાજો તૂટેલો હતો. તેમણે તપાસ કરતાં ઘરનો સામાન વેરવિખેર હતો અને તિજોરી તૂટેલી હતી. જેમાં રૂપિયા અને દાગીના હતા તે ગુપ્ત ખાના પલંગ પર પડેલા હતાં.

સુરત રેલવે પોલીસનો 'પ્રોજેક્ટ મિલાપ' સફળ

નાના-નાનીને મળવાની જીદમાં 10 વર્ષની બાળકી ટ્રેનમાં બેસી ગઈ

સયાજીનગરી એક્સપ્રેસમાં એકલી બેઠેલી માસૂમને એલર્ટ પેસેન્જર અને રેલવે પોલીસે સમયસૂચકતા વાપરી આશરો આપ્યો

સુરતઃ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનની ત્વરિત અને સંવેદનશીલ કાર્યવાહીને કારણે એક 10 વર્ષની બાળકી તન્વી (નામ બદલેલું) મોટી મુશ્કેલીમાંથી બચી ગઈ છે અને તેનું તેના પરિવાર સાથે સુખદ પુનઃમિલન થયું છે. બિહાર રહેતા પોતાના નાના-નાનીને મળવાની તીવ્ર જીદમાં આ બાળકી કોઈને પણ કહ્યા વગર ઘરેથી એકલી નીકળી ગઈ હતી અને સુરત રેલ્વે સ્ટેશન પર આવીને સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેનમાં બેસી ગઈ હતી. આજે સવારે જ્યારે આ ટ્રેન સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-2 પર આવી ત્યારે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક જાગૃત પેસેન્જરની નજર આ માસૂમ બાળકી પર પડી હતી. બાળકી સાથે કોઈ વાલી ન હોવાથી અને તે એકલી બેઠેલી હોવાથી મુસાફરે તાત્કાલિક પ્લેટફોર્મ પર હાજર રેલ્વે પોલીસના જવાનોને આ અંગે જાણ કરી હતી.

માહિતી મળતા જ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના પીઆઈ જે.બી. મીઠાપરા, વુમન એએસઆઈ મનીષા મધુકર અને વુમન કોન્સ્ટેબલ શીતલબેન તથા તેમની ટીમ એક્શનમાં આવી હતી અને બાળકીને સુરક્ષિત રીતે ટ્રેનમાંથી નીચે ઉતારી સ્ટેશન પર કાર્યરત ખાસ 'ચાઈલ્ડ કોર્નર' ખાતે લાવી હતી. ત્યાં પોલીસે તેને પ્રેમપૂર્વક સમજાવીને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતાં બાળકીએ જણાવ્યું કે, તે અગાઉ વેકેશનમાં બિહાર તેના નાના-નાનીના ઘરે ગઈ હતી. ત્યાંથી પરત આવ્યા પછી તેને નાના-નાનીની ખૂબ યાદ આવતી હોવાથી તે માતા-પિતા પાસે ફરી ત્યાં જવાની વારંવાર જીદ કરતી હતી. જોકે, માતા-પિતાએ ના પાડતાં તે રિસાઈને ઘરેથી નાસી ગઈ હતી અને સુરત રેલવે સ્ટેશને પહોંચી ગઈ હતી. અહીં બિહાર જવાના ઉદ્દેશ્યથી ટ્રેન પકડી લીધી હતી. જોકે, રેલ્વે પોલીસે સમયસૂચકતા વાપરી બાળકી પાસેથી તેના પિતાનો મોબાઈલ નંબર મેળવ્યો હતો અને તાત્કાલિક તેમનો સંપર્ક સાધ્યો હતો.

હત્યા સહિતના 13 ગુનામાં સંડોવાયેલા તમંચા સાથે ઝડપાયા

સુરતઃ ડિંડોલી પોલીસ બે રીઢા ગુનેગારોને એક તમંચા તથા ત્રણ નંગ જીવતા કારતૂસ સાથે ઝડપી લીધા છે.

ડિંડોલી પોલીસે નવાગામ આર.ડી. ફાટકથી જમના પાર્ક સોસાયટી તરફ જતા ઉધના-ભુસાવલ રેલ્વે લાઇન પાસેથી પ્રવીણ ઉર્ફે આંબા આધાર શિરસાઠ (કોળી) (ઉ.વ.૩૪, રહે. જયેશનગર, ડીંડોલી, મૂળ મહારાષ્ટ્ર) ને અટકાવી ઝડતી લેતા તેની પાસેથી રૂ.૧૫,૦૦૦ની કિંમતનો એક દેશી તમંચો અને રૂ.૩૦૦ની કિંમતના ત્રણ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આ કાર્યવાહી પોલીસ કોન્સ્ટેબલ ભૂપેન્દ્રસિંહ જશવંતસિંહ અને હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ શાલીગ્રામને ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવી હતી. આ કાવતરામાં

સંતોષ ઉર્ફે સંતોષ બિહારી સાધુ ચરણસિંઘ રાજપુત (ઉ.વ.૪૫, રહે. શ્રીનાથનગર, નવાગામ ડીંડોલી, મૂળ બિહાર) નું નામ બહાર આવતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

હાઈકોર્ટની ટકોરથી નાસીરનગરના અસરગ્રસ્તો માટે હંગામી વ્યવસ્થા

ભરીમાતા ખાતેના કોમ્યુનિટી હોલમાં અસરગ્રસ્તોને સ્થળાંતર કરવા મનપાની અપીલ

હોલમાં પીવાના પાણીની સાથે શૌચાલય સુધીની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવાશે

સુરત : કતારગામ દરવાજા પાસે આવેલી નાસિરનગર વસાહતના કાચા-પાકા મકાનોના ડિમોલિશન બાદ ઘરવિહોણા બનેલા 70થી વધુ પરિવારોને લઈને સુરત મહાનગરપાલિકા આખરે હરકતમાં આવી છે. નોટિસ વિના થયેલા ડિમોલિશન મામલે હાઈકોર્ટે મનપાની આકરી ઝાટકણી કાઢી વૈકલ્પિક વસવાટ અંગે જવાબ માંગ્યા બાદ મનપાએ ભરીમાતા સ્થિત કોમ્યુનિટી હોલમાં અસરગ્રસ્ત પરિવારો માટે રહેવાની વ્યવસ્થા ઉભી કરી છે. સાથે જ તમામ અસરગ્રસ્તોને ત્યાં સ્થળાંતર કરવા અપીલ પણ કરવામાં આવી છે.

નાસિરનગર વસાહતમાં 30 મે, 2026ના રોજ કોઈપણ પૂર્વ નોટિસ કે જાણ કર્યા વિના કાચા-પાકા મકાનો પર બુલડોઝર ફેરવાતા 70થી વધુ પરિવારો ઘરવિહોણા બન્યા હતા. ઘટનાના પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને કોંગ્રેસની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અસરગ્રસ્તોએ વૈકલ્પિક વસવાટની માંગ સાથે ન્યાય માટે કોર્ટના દરવાજા પણ ખખડાવ્યા હતા.

ડિમોલિશનના 21 દિવસ બાદ રસ્તા પરનો કબજો દૂર કરવા મનપાની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનરે ડી-માર્કેશનમાં આવતી મિલકતોનું ડિમોલિશન મનપા દ્વારા કરાયું હોવાનું સ્વીકાર્યું હતું.

ગઈકાલે કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન નોટિસ વિના ડિમોલિશન મુદ્દે કોર્ટે મનપાની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને અસરગ્રસ્તોના પુનર્વસન અંગે સ્પષ્ટ જવાબ માંગ્યો હતો. આગામી સોમવારે કેસની વધુ સુનાવણી હાથ ધરાશે, જેમાં મનપાને તમામ સંબંધિત દસ્તાવેજો સાથે હાજર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટના વલણ બાદ મનપાએ ભરીમાતા સ્થિત પોતાના કોમ્યુનિટી હોલમાં અસરગ્રસ્ત પરિવારો માટે અસ્થાયી આશ્રયની વ્યવસ્થા કરી છે. અહીં રહેવા ઉપરાંત લાઇટ, પીવાનું પાણી, શૌચાલય સહિતની મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની તૈયારી દર્શાવવામાં આવી છે. મનપાએ તમામ અસરગ્રસ્ત પરિવારોને કોમ્યુનિટી હોલમાં સ્થળાંતર કરીને ઉપલબ્ધ સુવિધાનો લાભ લેવા અપીલ કરી છે.

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI — ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સુધારો

આથી **તાઃ** ૨૦/૦૬/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબાર માં પ્રસિદ્ધ થયેલ ઈ- હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે **તા : ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ** આયોજીત ઈ- હરાજી **માં અ.નં.૧, દેવાદાર : શ્રી સમદરલાલ લિચ્છમનરામ, શ્રીમતી મૈનાદેવી અને શ્રી રામાશંકર આર યાદવ, ક્લોક ટાવર શાખા** ની સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન માં રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૮૦ ભુલ અને શરત ચુકથી છપાયેલ છે જે સુધારીને રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૧૮૦ વાચવું.

ઈ- હરાજી વેચાણ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા.૨૭.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા

બैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **આશા નગર શાખા :** જશ આર્કેડ, ક્રીષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત – ૩૯૬૪૪૫. મો : ૬૩૫૨૫૫૩૪૭૧ email : vjnavs@bankofbaroda.com

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) દેવાદાર/જામીનદાર ને નોટીસ

પ્રતિ, **૧) શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ, ૨. શ્રીમતી ગાયત્રી સરોજ**
રામનગર-૩ સુરભી સોસાયટી, વિજલપોર, નવસારી, ગુજરાત-૩૯૬૪૫૦. મો : ૯૭૨૪૧૦૩૨૪૦
શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ, શ્રીમતી ગાયત્રી સરોજ
ફ્લેટ નં.૩૦૨, ૨જો માળ બિલ્ડીંગ નં.૧૧, કામધેનુ પાર્ક વિદ્યા ભારતી સ્કુલ નજીક, શાંતાદેવી રોડ, તા અને જી.નવસારી, ગુજરાત-૩૯૬૪૪૫

સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ મેસર્સ એન એન એન્ટરપ્રાઈઝ માલિક શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ ને નોટીસ, હવે પછી અહીં 'ધી એક્ટ' તરીકે ઉલ્લેખાશે,

મહેરબાનશ્રી,
વિષય : અમારી આશાનગર શાખા માંથી ક્રેડીટ સુવિધા અંગે.
અમારા **તા.૨૬.૧૦.૨૦૨૩** ના પત્ર ક્રમાંક **BOB/ADV** (ટર્મ ક્રેડિટ) એડવાન્સ ખાતા **શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ અને શ્રીમતી ગાયત્રી સરોજ** બેંકની બાકી અંગે ના પત્રના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી મિલકત સુરક્ષિત કરીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીક સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ રૂા. લાખમાં	વ્યાજનો દર	૦૯.૦૬.૨૦૨૬ ના રોજ ની બાકી(૦૭.૦૬.૨૦૨૬ સુધી નું વ્યાજ સહિત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન (બરોડા હોમ લોન) ખાતા નં. ૭૮૦૫૦૬૦૦૦૦૩૧૨૩	રૂા. ૧૧.૦૧	૯.૫૦%	**રૂા.૧૦,૪૦,૦૮૮.૦૦ ના રોજના બાકી રકમ ની સ્ટેટમેન્ટ** + લાગુ નહી કરેલ વ્યાજ રૂા. ૭,૬૦૪.૮૩ + અનસર્વિસ્ડ વ્યાજ ૨૨,૮૯૭.૯૦ + ચક્રવૃદ્ધિ વ્યાજ ૩૦૪.૦૦	સુરક્ષિત કરેલ એરેન્જમેન્ટ્સ ટર્મ લોન દસ્તાવેજ તારીખ ૦૬.૧૧.૨૦૨૩ ઈક્વીટેબલ મોંગેજ કરેલ મોંગજ ડીડ મિલકત ૯૯૭૦/૨૦૨૩ તારીખ ૦૬.૧૧.૨૦૨૩
કુલ :	રૂા. ૧૧.૦૧		**રૂા.૧૦,૭૦,૮૯૪.૭૩**	

મોર્ગેજ કરેલ મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે કામધેનુ પાર્ક નામની બિલ્ડીંગ ના પ્લોટ/ બિલ્ડીંગ નં. ૧૧ નો ફ્લેટ નં.૩૦૨, માપ ૫૦૨.૭૦ ચો.ફૂટ એટલે ૪૬.૭૨ ચો.મી બિલ્ટઅપ એરિયા અને ૪૨૦.૭૧ ચો.ફૂટ એટલે કે ૩૯.૧૦ ચો.મી કારપેટ એરિયા, બિલ્ડીંગની જમીન ના ૧૨.૬૪ ચો.મી ના વણવહેચાયેલ હિસ્સા સહિત નું બાંધકામ નવસારી રે.સ.નં. ૫૬૭/ પૈકી-૫ પૈકી-૧ નવસારી સીટી સર્વે ટીકા નં.૮, સીટી સર્વે નં.૨૨૫૩ (હિસ્સા નં.૨૨૫૩/૨) ટી.પી સ્કીમ નં.૧, ફાઈનલ પ્લોટ નં.૪૪૮ બિનખેતી જમીન ના ૧૫૨૯૮.૦૦ ચો.મી ૧૫ બિલ્ડીંગ માંથી ૮૦૮.૭૩ ચો.મી જમીન ઉપર થયેલ છે જે વિદ્યા ભારતી સ્કુલ પાસે, શાંતાદેવીરોડ, નવસારી, તા. અને જી.નવસારી ખાતે શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ અને શ્રીમતી ગાયત્રી રામબાબુ સરોજ ની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** માર્જીન ખુલ્લી જગ્યા, **પશ્ચિમ તરફ :** કોમન પેસેજ અને દાદર, **ઉત્તર તરફ :** ૧૨ મીટર પહોળો રોડ, **દક્ષિણ તરફ :** ફ્લેટ નં.૩૦૩ આવેલ છે.

૨) તમે જાણો છો કે તમે **૦૭.૦૬.૨૦૨૬** ના રોજ પૂરા થયેલ ત્રીમાસિકમાં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **૦૭.૦૩.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણી ની મુદતે પણ ચુકવણીમાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૮.૦૬.૨૦૨૬** ના રોજ (એનપીએ તરીકે વર્ગીકૃત કરેલ તારીખ) નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદતવીતી લોન અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧૦,૭૦,૮૯૪.૭૩ (અંકે રૂા. દસ લાખ સીત્તેર હજાર આઠસો ચોરાણું અને તોત્તેર પૈસા પુરા)** ની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ ની કલમ ૧૩તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છૂટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૦૯.૦૬.૨૦૨૬, સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, આશાનગર શાખા.

बैंक ऑफ़ इंडिया Bank of India BOI — **રામપુરા શાખા સુરત :** ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર પાસે, રામપુરા, સુરત-૩૯૫૦૦૩ Email : Rampura.surat@bankofindia.bank.in

પ્રતી, **શ્રી વસાવા હેમંતભાઈ જયંતીભાઈ**
૩૪૮ રાજેશ્વરી સોસાયટી કેનલ રોડ, કામરેજ, સુરત -૩૯૪૧૮૫
ફ્લેટ નં.૫૦૩, બિલ્ડીંગ નં.'એન', હરીકૃષ્ણા રેસીડેન્સી, ગામ.ઉમરા,તા.ઓલપાડ,જી.સુરત, સુરત-૩૯૪૩૧૦

મહેરબાન શ્રી
ધી સીકયુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

તમારા દ્વારા કરેલી વિનંતી મુજબ બેંકે તમારી **રૂા. ૯,૯૪,૦૦૦/-** (કુલ વિવિધ ક્રેડિટ સુવિધા મંજૂર કરેલ લિમીટ. અમે અહીં નીચે તમારી મંજૂર કરેલ ક્રેડીટ સુવિધા અને નોટીસની તારીખે બાકી રકમ દર્શાવેલ છે.)
(I) સુવિધાના પ્રકાર : ટર્મ લોન
મંજૂર મર્યાદા : ૯,૯૪,૦૦૦/-
ખાતા નં : ૨૭૦૫૭૫૧૧૦૦૦૦૨૬૮ અને ખાસ કરીને આમાં બાકી લેણાંની વિગતો હેઠળ.

	બાકી લેણાંની વિગતો	રકમ
૧	૩૦.૦૪.૨૦૨૬ સુધી વ્યાજ સાથે ખાતામાં એનપીએ તારીખ મુજબ બાકી રકમ	રૂ. ૯,૪૦,૭૦૯.૪૪
૨	અનુગામી યુસીઆઈ ૩૦.૦૪.૨૦૨૬ થી ૧૦.૦૬.૨૦૨૬ સુધી વાર્ષિક @ ૯.૬૦% નું વાર્ષિક માસિક ગણતી સાથે	રૂ. ૯,૨૨૧.૧૮
૩	ઉધાર લેનાર/દેવાદારો દ્વારા ચુકવવાપાત્ર અન્ય શુલ્ક / એનપીએ તારીખ પછીના ખાતામાં ડેબિટ	મંજૂરી મુજબ
૪	કુલ	રૂ. ૯,૪૯,૯૩૦.૬૨/-
૫	જો એનપીએ તારીખ પછી કોઈ હોય તો એકંદર વસૂલાત પ્રભાવિત	રૂ. ૦.૦૦
૬	૪-૫ = એટલે નોટિસની તારીખ સુધી વાર્ષિક @ ૯.૬૦% નું વાર્ષિક માસિક ગણતી સાથે બાકીના વધારાના વ્યાજ સાથે ચૂકવવાપાત્ર કરાર આધારિત લેણાં	રૂ. ૯,૪૯,૯૩૦.૬૨/-
૭	૩૦.૦૪.૨૦૨૬ થી ૧૦.૦૬.૨૦૨૬ ના સમયગાળા માટે ચક્રવૃદ્ધિ/ મુદીકરણ અસર દ્વારા ચુકવવાપાત્ર પેનલ વ્યાજ	મંજૂરી મુજબ

નોટિસની ચુકવવાપાત્ર એકંદર કરારીય લેણાં રૂા. ૯,૪૯,૯૩૦.૬૨/- (અંકે નવ લાખ ઓગણપચાસ હજાર નવસો ત્રીસ અને બાસઠ પૈસા પુરા)

૨. આ ક્રેડીટ સુવિધા બેંકે નીચે જણાવેલ મિલકત / સીકયુરીટીની સામે મંજૂર કરી હતી. (બેંકને ચાર્જ કરેલ મિલકતની વિગત) **બેંકને વસુલવામાં આવેલી મિલકતો / સંપત્તિઓની વિગતો**

	સંપત્તિઓની વિગતો / બેંકને વસુલવામાં આવેલી મિલકતો	CERSAI નોંધણી આઈડીએસ.
અ)	તમામ જમીન અને બિલ્ડીંગ કે જે હરીકૃષ્ણા રેસીડેન્સી, ની બિલ્ડીંગ નં.'એન' નો ફ્લેટ નં. ૫૦૩, કારપેટ એરિયા માપ૪૦.૫૯ ચો.મીટર ગામ.ઉમરા, તા.ઓલપાડ, જી.સુરત, સુરત -૩૯૪૩૧૦ ખાતે શ્રી વસાવા હેમંતભાઈ જયંતીભાઈ ના નામે આવેલ છે.	Asset ID- 200080374798 Security ID- 400078706158

૩. તમે આ ક્રેડીટ સુવિધાની બાકી રકમની પરત ચુકવણીમાં કસુર કર્યો છે. અમે તમારૂ એકાઉન્ટ **તા.૩૦.૦૪.૨૦૨૬ થી** અસરથી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ અને ગાઈડલાઈન મુજબ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે જાહેર કરેલ છે. ૪. ઉપર જણાવેલ કારણસર અમે અહીં તમને ઉપર જણાવેલ કાયદાની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ આપીએ છીએ અને તમને જાણ કરવામાં આવે છે કે બેંક ની બાકી રકમ **રૂા. ૯,૪૯,૯૩૦.૬૨/- (અંકે નવ લાખ ઓગણપચાસ હજાર નવસો ત્રીસ અને બાસઠ પૈસા પુરા)** તેના ઉપર ના વધારા ના વ્યાજ વાર્ષિક @ ૯.૬૦% લેખે ટર્મ લોન વ્યાજ માસિક ગણતરીના આધારે વ્યાજ, કોસ્ટ, ચાર્જ, પેનલ અને ખર્ચાઓ સાથે નોટીસ આપ્યાના ૬૦ દિવસમાં ચુકવી આપવા તમને જણાવાય છે. મહેરબાની કરી નોંધ લેશો કે જેમાં કસુર થયે અમે તમારા જોખમે અને ખર્ચે અને પરિણામે ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ મુજબ ઉપરોક્ત દર્શાવેલ સુરક્ષિત કરેલ મિલકત ના અનુસંધાનમાં વધુ કાર્યવાહી કરી શકીએ છીએ. **૫.** જયારે અમે તમને એનપીએ ખાતામાં ઉપર મુજબની જવાબદારી ડીસ્ચાર્જ કરવા માટે કહીએ છીએ. બેંક ને લાગુ પડતા વ્યાજ તમામ કોષ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ અને સંપૂર્ણ ચુકવણી સુધી બેંક દ્વારા કરવામાં આવેલ તમામ લેણી રકમ અને સમયગાળા ની અંદર સુરક્ષિત કરેલ અસ્કયામતો રીડમ કરવા જાણ કરવામાં આવે છે. મહેરબાની કરી મહત્વની નોંધ લેશો કે સરફેસી એક્ટની કલમ૧૩(૮) મુજબ સુરક્ષિત અસ્કામતો નું રીડીમ કરવાનું ટ્રાન્સફર માટે જાહેર અથવા ખાનગી સંધિમાંથી જાહેર હરાજી અથવા ટેન્ડર અથવા લીઝ સોંપણી અથવા સુરક્ષીત સંપતિ ની વેચાણ ની નોટીસ ની પ્રસિધ્ધી સુધી ઉપલબ્ધ રહેશે. ૬. ઉપર દર્શાવેલ સત્તાનો ઉપયોગ કરવાથી પ્રાપ્ત થયેલી રકમ, અમારા દ્વારા કરવામાં આવેલ તમામ કોસ્ટ, ચાર્જ અને ખર્ચની ચુકવણીમાં અને અથવા તેને લગતા કોઈપણ ખર્ચની ચુકવણીમાં લાગુ કરવામાં આવશે. અને બીજુ ઉપર જણાવ્યા મુજબ બેંકના લેણાની વસૂલાતમાં વાસ્તવિક વસૂલાત ની તારીખ સુધી કરાર આધારિત વ્યાજ, જો કોઈ હોય તો તે બેંકના સમગ્ર લેણામાં(જેમા દેવાદાર અથવા ગેરંટી આપનાર તરીકે બેંક ને તમારા અન્ય કોઈ પણ લેણા નો સમાવેશ થાય છે.) સંપૂર્ણ રીતે વસૂલ કરવામાં આવે જે તમને ચુકવવામાં આવશે. ૭. જો ઉપરોક્ત સત્તાઓના ઉપયોગ દરમ્યાન સુરક્ષિત સંપત્તિઓ સામે પ્રાપ્ત થયેલ રકમ સાથે ઉપરોક્ત બાકી રકમ સંપૂર્ણપણે વસુલવામાં ન આવે તો અમે તમારી અન્ય સંપત્તિઓ સામે કાર્યવાહી કરવાને અમારો અધિકાર અનામત રાખીએ છીએ. જેમાં તમારી પાસેથી આકસ્મીક તમામ ખર્ચ વગેરે બાકી સહિતની રકમ વસુલાત માટે ઋણ વસૂલી ટ્રીબ્યુનલ/ કોર્ટ સમક્ષ કાનુની /વસુલાતની કાર્યવાહી ફાઈલ કરીને અને/અથવા ચાલુ રાખીને, બાકી રકમની વસુલાત માટે, બાકી રકમ અને તેનાથી સંબંધિત તમામ ખર્ચ વગેરેની વસુલાતનો સમાવેશ થાય છે. ૮. મહેરબાની કરી નોંધ લેશો કે આ ધારાની પેટા કલમ (૧૩) મુજબ આ નોટીસ પ્રાપ્ત થયે જણાવેલ મિલકત વેચાણ, લીઝ, લાઈસન્સ, ગીફ્ટ, ગીરવેદાર કે અન્ય કોઈપણ રીતે સુરક્ષિત મિલકત ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. ૯. નીચે સહી કરનાર આ નોટીસ જારી કરવા અને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરવા માટે બેંકના અધિકૃત અધિકારી છે. ૧૦.એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે, આ નોટીસ બેંકને ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકાર અથવા ઉપાય પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના તમને આપવામાં આવી છે.

તા.૧૦/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા.